Paper Reference(s) 1GU0/3F
Pearson Edexcel Level 1/Level 2 GCSE (9–1)

# Gujarati

## PAPER 3: Reading and understanding in Gujarati
## Foundation tier

**Tuesday 4 June 2024 – Morning**

**Time: 50 minutes**

## Text Booklet

**DO NOT RETURN THIS BOOKLET WITH THE QUESTION PAPER.**



Pearson

# Contents


| Page | |
|---|---|
| 3 | Question 1 |
| 4 | Question 2 |
| 5 | Question 2 – list |
| 6 | Question 3(a) |
| 7 | Question 3(b) |
| 8–9 | Question 4 |
| 10–11 | Question 5 |
| 12–13 | Question 6 |
| 14–15 | Question 7 |
| 16 | Question 7 – list |
| 17–18 | Question 8 |
| 19–20 | Question 9 |
| 21 | Question 10 |

## Question 1

## Further study

હીર મને વિવિધ ભાષાઓ ખૂબ ગમે છે તેથી હું એક સમાચારપત્રની કચેરીમાં પત્રકાર બનવાની તાલીમ લઉં છું.

પ્રિયા અભ્યાસ પૂરો કરીને પછી મારે દાક્તર બનવું છે અને ગુજરાતનાં ગામડાંઓમાં જઈને માંદા લોકોની સેવા કરવી છે.

કબીર ઇજનેરનો અભ્યાસ પૂર્ણ કરીને મારે પિતાજીના ધંધાને વિદેશમાં આગળ વધારવો છે.

અનુજ મારે રસોઇયાનું કામ કરવું છે એટલે દરરોજ સાંજે રસોઈના વર્ગમાં હું જાતજાતની વાનગીઓ બનાવતા શીખું છું.

## Question 2

# Palace Hotel

# પેલેસ હોટેલ

ભાવનગરમાં આવેલી છે આ ભવ્ય હોટેલ. હવાઈમથકથી ચાલીસ મિનિટ અને રેલમથકથી ફક્ત પંદર મિનિટ દૂર છે. વળી, શહેરના મધ્યમાં હોવાથી દુકાનોમાં ચાલીને જવાય. જોવાલાયક સ્થળોએ જવા માટે ગાડીની સગવડ પણ છે.

ઉજાસવાળા ઓરડાઓ પ્રવાસીઓને તાજગી આપે. આધુનિક સુવિધાઓ સાથે હોટેલમાં યુવાવર્ગ તરણહોજ પણ વાપરી શકે. બાળકો રમતગમતનાં કેન્દ્રમાં મજા કરી શકે. નાસ્તાગૃહમાં મળતી ગરમ વાનગીઓ પ્રવાસીઓનું મન લોભાવે છે.

## Question 2 – list

**Bhavnagar (Example word)**

**shopping**

**station**

**modern**

**restaurant**

**sports**

**cafe**

**airport**

**swimming**

**Jamnagar**

**tracking**

**old**

**Question 3(a)**

## Natural resources

કુદરતી ધન એટલે પૃથ્વી પરથી મળતી હોય અને માનવીની બનાવેલી ન હોય તેવી સંપત્તિ જેમ કે, જંગલ, હવા, પાણી વગેરે.

રોજેરોજના ખોરાકને સ્વાદિષ્ટ બનાવતું મીઠું, દરિયાનાં પાણીમાંથી મેળવવામાં આવતું એક પ્રકારનું ખનીજ છે. વર્ષો પહેલાં, નિમક બનાવવા માટેનું એક અગત્યનું કેન્દ્ર, સુરેન્દ્રનગરનો **ખારાઘોડા** જિલ્લો હતો. હવે તેનું ઉત્પાદન, ગુજરાતમાં આવેલાં અનેક સાગરકિનારાઓ પર મોટા પ્રમાણમાં થાય છે.

**Question 3(b)**

ધરતીમાં રહેલી ઘણી પોષક વસ્તુઓ મીઠું બનાવતી વખતે તેમાં ભળી જાય છે.

આહારની બનાવટોમાં નિમક એક અગત્યની સામગ્રી છે. ઉદ્યોગોમાં ઘણી વસ્તુઓ બનાવવા માટે તેનો ઉપયોગ થાય છે. અમુક દેશોમાં શિયાળામાં રસ્તા પર જામેલા બરફને ઓગાળવા માટે પણ તેનો વપરાશ થાય છે.

**Question 4**

## My school day

શાળાના પ્રથમ દિવસની આગલી રાતે હું ઊંઘી ન શક્યો. સવારે મારો નવો ગણવેશ પહેરવા હું આતુર હતો.

માધ્યમિક નિશાળ મારા માટે નવી હતી. મારી પ્રાથમિક શાળાની સરખામણીમાં તે વિશાળ લાગતી હતી. એક જુદા જ વાતાવરણમાં, બીજા વિદ્યાર્થીઓ સાથે સભાખંડમાં હું મારા પિતાજીની બાજુમાં બેઠો હતો. શરૂઆતમાં હું શાંત હતો પણ ધીરે ધીરે મેં બધાં સાથે વાતો કરવાનું શરૂ કર્યું. પ્રાર્થના સમાપ્ત થયા પછી મારે વર્ગમાં જવાનું હતું.

**(continued on the next page)**

**4 continued.**

દરેક વિષય માટે અમારે વર્ગ બદલવાના હતા. મને ખોવાઈ જવાનો કે વર્ગમાં મોડા પડવાનો ડર રહેતો પણ નવા બનેલા મિત્રોએ મારી ચિંતા દૂર કરી. બાકીનો દિવસ મેં આનંદથી પસાર કર્યો.

**Question 5**

## Relationships

અમારા પાડોશી ગોકુકાકા એકલા જ રહે છે. તેઓ સક્રિય રહેવા બગીચામાં કામ કરે. ગયા વર્ષે વિવિધ શાકભાજી ઉગાડવા માટે સ્થાનિક હરીફાઈમાં તેમને પહેલું ઇનામ મળ્યું હતું.

વૃદ્ધ હોવા છતાં, મારી બધી વાતો તેઓ ધ્યાનથી સાંભળે એટલે મારી દરેક યોજનાઓ વિશે મને તેમની સાથે ચર્ચા કરવી ગમે. હું નિશાળેથી આવું ત્યારે કાકા મારી રાહ જોઈને બેઠા હોય. મારા માટે તેઓ નાસ્તો બનાવીને મને પ્રેમથી જમાડે. તેઓ હંમેશાં પોતાના સમયનો ભોગ આપીને મારી સંભાળ રાખે. ક્યારેક, અમે સાથે બહાર ફરવા પણ જઈએ.

(continued on the next page) 

**5 continued.**

કાકા અમારા પરિવારના એક સભ્ય જેવા છે અને મારો તેમની સાથે દોસ્તીનો અતૂટ સંબંધ છે.

**Question 6**

## Dance Festival

ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા દર વર્ષે નૃત્યોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ ઉજવણી મહેસાણા જિલ્લામાં આવેલાં **મોઢેરા** ગામનાં સૂર્ય-મંદિરમાં થાય છે.

દેશભરના કલાકારો, પોતપોતાના પ્રાંતનાં અનોખાં નૃત્યને આ ઉત્સવમાં રજૂ કરીને ભારતની પ્રાચીન પરંપરાને જીવંત રાખે છે. વિદેશના શાસ્ત્રીય સંગીતકારો તેમજ સંગીતમાં રસ ધરાવનારાઓ મોટી સંખ્યામાં અહીં હાજરી આપે છે. હું નસીબદાર છું કે ગયા વર્ષે ભક્તિમય નૃત્યમાં મને વાંસળી વગાડવાનો મોકો મળ્યો હતો. આ રીતે, અમારા જેવા

**(continued on the next page)**

**6 continued.**

યુવાનોને સાંસ્કૃતિક કળા પ્રદર્શિત કરવાની સુંદર તક મળે છે.

સૂર્ય-મંદિરને હવે **યુનેસ્કોની હેરિટેજ** યાદીમાં સ્થાન મળ્યું છે, તેથી આ ઐતિહાસિક મંદિરની ઉજવણીઓ વિશ્વભરમાં ખૂબ લોકપ્રિયતા પ્રાપ્ત કરશે.

**Question 7**

# હવામાન

હું ગુજરાતમાં મામાનાં ઘરે આવી છું. અહીં ઉનાળામાં આટલી બધી ગરમી પડશે તેની મને કલ્પના ન હતી. સાંજ પહેલાં બહાર જઈ શકાતું નથી. ઘરમાં રહીને હું કંટાળી ગઈ છું. એરકંડીશન ચાલુ હોવા છતાં, મને ઊંઘ નથી આવતી. આજુબાજુનાં લોકો હિલસ્ટેશને જવાની તૈયારી કરે છે જેથી તેઓ અસહ્ય ગરમીથી બચી શકે.

પાણીની અછત છે. તે ઉપરાંત, દિવસ દરમિયાન ઉદ્યોગોમાં વીજળીના વપરાશ માટે કાપ મૂકાયો છે. જેથી, વેપારીઓને ધંધામાં નુકસાન થવાની શક્યતા છે, પણ મામા કારખાનું રાત્રે મોડે સુધી ચલાવે છે.

**(continued on the next page)**

**Turn over**

**7 continued.**

ક્યારે આ ઉનાળો પૂરો થશે અને ક્યારે
વરસાદ આવશે એવા સવાલો બધાંનાં
મનમાં ચાલી રહ્યા છે.

**Question 7 – list**

આશા

રાત્રે

પહાડવાળી

ચિંતા

ગુજરાત **(Example word)**

પ્રતિક્ષા

મુંબઈ

દિવસે

રેતીવાળી

કંટાળો

પૂજા

આનંદ

**Question 8**

# શાળાઓ

ગામડાંમાં ચાર ધોરણ ભણીને હું શહેરની શાળામાં આવી. શરૂઆતમાં મારી સખીઓની યાદ આવવાથી હું ઉદાસ રહેતી. હવે બધાં સાથે ભળી જવાથી હું ખુશ છું.

અમારા વર્ગમાં ઘણા વિદ્યાર્થીઓ છે એટલે શિક્ષક ત્યાંની શાળાની જેમ દરેક પર ધ્યાન આપી શકતા નથી. પહેલાંની નિશાળમાં શિક્ષકોને સવાલ પૂછતાં અમને ડર લાગતો. શહેરમાં વિદ્યાર્થીઓ શરમાયા વગર બધી જાતની ચર્ચાવિચારણા કરી શકે છે. મને નવી ટેક્નોલૉજિ દ્વારા શીખવાનું બહુ ગમે છે. અહીં રમતગમત માટે કેટકેટલી સગવડો છે, જ્યારે ત્યાં અમે નાનકડી જગ્યામાં દેશી રમતો રમતાં.

(continued on the next page) 

**8 continued.**

અહીંના વર્ગમાં વિદ્યાર્થીઓ ક્યારેક મસ્તી કરે છે જે મને ગમતું નથી.

**Question 9**

# તહેવારો

| | |
|---|---|
| મકરસંક્રાંતિ | આ ઉત્સવ ભારતમાં અનેક રીતે ઊજવાય છે. ગુજરાતમાં તો પતંગ ઉડાડવાની આંતરરાષ્ટ્રીય સ્પર્ધા યોજાય છે. એકબીજાના રંગબેરંગી પતંગોને કાપવા માટે બૂમાબૂમ કરતા લોકોને જોવાનો આનંદ અનેરો હોય છે. |
| રણ ઉત્સવ | આ તહેવારની ઊજવણીમાં વિશ્વભરના મુલાકાતીઓને કચ્છની સંસ્કૃતિનો પરિચય મળે છે. લોકો તંબૂઓમાં રહેવા પડાપડી કરતા હોય છે. હાથેથી બનાવેલાં ઘરેણાં, સ્થાનિક વાનગીઓ અને ઊંટસવારી અહીંની ખાસિયતો છે. |

(continued on the next page)

**9 continued.**

| | |
|---|---|
| હોળી-ધૂળેટી | આ દિવસે હોળી પ્રગટાવીને તેનું પૂજન થાય. બીજા દિવસે ધૂળેટી એટલે રંગનો ઉત્સવ. ધાણી અને ખજૂર ખાઈ, નાનાં-મોટાં સૌ એકબીજા પર રંગ ઉડાડીને ઉજવણીનો આનંદ માણે છે. |
| ગણેશચોથ | આ પવિત્ર તહેવારમાં શ્રદ્ધાળુઓ ગણપતિજીની રંગીન મૂર્તિને ઘરે લાવીને, ધાર્મિક ગીતો અને નાટકોના કાર્યક્રમો ગોઠવે. દસમે દિવસે નાચતાં કૂદતાં મૂર્તિને સમુદ્રમાં વહેતી મૂકી દે છે. |

## Question 10

# Translation

હું એક મહાવિદ્યાલયનો છાત્ર છું. મારે છબીકાર તરીકે નોકરી કરવી છે. મેં જાહેરખબરો માટે ફોટા લેવાનાં કામની તાલીમ લીધી હતી. કાપડ ઉદ્યોગમાં યુવાનોને વધુ તકો મળી શકે છે. મારે જુદા જુદા પ્રસંગોના પોશાકોની છબીઓ પાડીને સફળતા મેળવવી છે.